ક્રમાંક-પ/પેન-૩/વશી-જનરલ/7th pay/૨૦૧૯/5705-5039

નિયામક શાળાઓની કચેરી
૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૬/ ૦૨/ ૨૦૧૯

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- સાતમા પગારપંચના અમલ મુજબ માહે ઓગસ્ટ-૨૦૧૭ ના પગાર તફાવતની ચુકવણી અંગે તથા તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના પગાર તફાવતના પ્રથમ હપ્તાની ચુકવણી અંગે

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-બમશ/૧૧૧૬/૭૮૮/ગ. તા.૧૬/૦૮/૨૦૧૭
(૨) અત્રેની કચેરીના પત્રાંક-પ/માધ્યમિક/પેન-૩/૨૦૧૭/૧૩૭૭૪-૮૦૮, તા.૧૬/૦૮/૨૦૧૭
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-બમશ/૧૧૧૬/૭૮૮/ગ. તા.૧૫/૧૧/૨૦૧૮
(૪) અત્રેની કચેરીના પત્રાંક-પ/માધ્ય/પેન-૩/પરિપત્ર/૨૦૧૮/૨૭૧૭૪-૨૭૨૪૧,તા.૧૯/૧૧/૨૦૧૮

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-બમશ/૧૧૧૬/૭૮૮/ગ. તા.૧૬/૦૮/૨૦૧૭ થી સાતમા કેન્દ્રીય પગારપંચની ભલામણોના આધારે બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓના પગારધોરણની સુધારણા બાબતના ઠરાવમાં અનુક્રમ નં.૫ માં જણાવ્યા મુજબ, ખરેખર પગારસુધારણા તા.૦૧/૦૮/૨૦૧૭ થી મળવાપાત્ર થશે તેમ જણાવેલ છે.

પરંતુ આ અંગે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ તથા ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની રજુઆત મુજબ, સદર ઠરાવનો અમલ જિલ્લા કક્ષાએથી કરતા સમયે શિક્ષણ વિભાગનો ઠરાવ તા.૧૬/૦૮/૨૦૧૭ના રોજ થયેલ હોઇ ઓગસ્ટ-૨૦૧૭ ના પગાર ચુકવણીની કાર્યવાહી થઇ શકેલ નથી અને માહે સપ્ટેમ્બર-૨૦૧૭ થી સાતમા પગારપંચ મુજબ પગાર ચુકવેલ છે.

આમ, ઉપરોક્ત વિગતોને ધ્યાને લેતા, બાકી કર્મચારીઓના માહે ઓગસ્ટ-૨૦૧૭ના પગાર તફાવતની રકમની ચુકવણી કરવા આથી જણાવવામાં આવે છે.

આ ઉપરાંત સંદર્ભ-૩ અને ૪ ના ઠરાવ મુજબ, રાજ્યની અનુદાનિત બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ થી તા.૩૧/૦૭/૨૦૧૭ના સમયગાળાના પગાર તફાવતની ચુકવણી પાંચ સરખા વાર્ષિક હપ્તામાં ચુકવવા અંગે જણાવવામાં આવેલ છે.

પરંતુ જિલ્લા કક્ષાએથી સદર લાભ નિવૃત્ત/અવસાન/રાજીનામું આપેલ કર્મચારીઓને લાગુ પાડવા કે કેમ તે અંગે માર્ગદર્શન માંગેલ છે.

જે અંગે જણાવવાનું કે, સદર સુચના મુજબના નિયમોનુસારના મળવાપાત્ર લાભો નિવૃત/અવસાન/રાજીનામું આપેલ કર્મચારીઓના કિસ્સામાં પણ લાગુ પાડવા આથી જણાવવામાં આવે છે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર.

Scanned with CamScanner